# યુ.કે.-યુરોપથી ગુજરાતમાં આવેલા ૧૭૨૦ મુસાફરોમાં ૧૧ પોઝિટિવ

**કોરોના વાયરસના નવા પ્રકાર-સ્ટ્રેનના લક્ષણોની તપાસણી માટે સેમ્પલની પુના-ગાંધીનગરમાં ચકાસણી-જીનોમ સ્ટડી કરાશે : ૮ થી ૧૦ દિવસમાં પરિણામ જાણી શકાશે : મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના યુકેથી આવેલા પુત્રી-જમાઈ પરિવારે પણ ભારત સરકારની સૂચિકા-નિર્દેશોનું પાલન કરતા પોતાના RTPCR ટેસ્ટ કરાવ્યા- ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યા : મુખ્યમંત્રીના પરિવારે અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું**

ગાંધીનગર, તા. ૨૭

ભારત સરકારે એવા દિશા નિર્દેશો પણ આપ્યા છે કે આ દેશોમાંથી ૨૫ નવેમ્બરથી ૮ ડિસેમ્બર દરમિયાન આવેલા તમામ મુસાફરોએ સેલ્ફ મોનીટરીંગમાં રહેવું પડશે.

એટલું જ નહીં ૯મી ડિસેમ્બર થી ૨૩ડિસેમ્બરના સમય દરમિયાન ભારત આવેલા તમામ મુસાફરોને આઈસોલેશનમાં રહેવું પડશે તથા તે બધાના જ RTPCR ટેસ્ટ ફરજીયાતપણે કરાવવાના રહેશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પરિવારે પણ ભારત સરકારના આ દિશાનિર્દેશોનું ચુસ્તપણે પાલન કરીને આગવું ઉદાહરણ અન્ય નાગરિકોને પૂરું પાડ્યું છે. મુખ્યમંત્રીના પુત્રી રાધિકા તથા જમાઈ નિમિત્ત અને પૌત્ર શૌર્ય પણ આ સમય દરમિયાન યુકેથી ગુજરાત આવ્યા છે અને તેમણે ભારત સરકારની ગાઈડ લાઈન્સ મુજબ પોતાનો RTPCR ટેસ્ટ કરાવ્યો છે.

આ ત્રણેયના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે

અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે ભારત સરકારના દિશા નિર્દેશો મુજબ ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગે પણ યુ.કે. યુરોપના દેશોમાંથી આવેલા મુસાફરોના ટેસ્ટ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે.

તદનુસાર તારીખ ૨૫ નવેમ્બર થી ૮ ડિસેમ્બર દરમિયાન આવા ૫૭૨ મુસાફરો યુ.કે યુરોપથી રાજ્યમાં આવેલા છે. તે પૈકી એક વ્યક્તિનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે

આ ઉપરાંત ૯ ડિસેમ્બરથી ૨૩ ડિસેમ્બર દરમિયાન ૧૧૪૮ વ્યક્તિઓ આ દેશોથી ગુજરાતમાં આવ્યા છે તેમના RTPCR ટેસ્ટમાં અમદાવાદ-૪, વડોદરા-૨, આણંદ-૨, ભરૂચ-૨ અને વલસાડ-૧ વ્યક્તિઓના પોઝિટિવ રિપોર્ટ આવ્યા છે. આ વ્યક્તિઓને વિવિધ હોસ્પિટલોમાં સારવાર માટે રાખવામાં આવ્યા છે.

તાજેતરમાં જોવા મળેલા કોરોના વાયરસના નવા પ્રકારના લક્ષણો-ચિન્હો આ વ્યક્તિઓમાં છે કે કેમ તેની સંપૂર્ણ તપાસ માટે તેમના સેમ્પલ પૂનાની નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી અને ગાંધીનગરની ગુજરાત બાયોલોજીકલ રિસર્ચ સેન્ટરમાં મોકલવામાં આવ્યા છે.

સામાન્યત આ સેમ્પલની તપાસ માટે ૮ થી ૧૦ દિવસનો સમયગાળો જતો હોય છે એટલે આગામી સપ્તાહમાં તેમના અંતિમ-ફાઈનલ રિપોર્ટ આવ્યા બાદ સારવાર-સુશ્રૂષાની આગળની વ્યવસ્થાઓ-તકેદારી રાજ્ય સરકાર લેશે.



શિંગોડાનું આગમન.... દેખાવમાં થોડાક વિચિત્ર લાગતા અને સ્વાદમાં મોળા લાગતા શિંગોડા શિયાળાની ઋતુમાં ઠેર ઠેર જોવા મળે છે. બધાને ભલે ન ભાવતા હોય પરંતુ આ શિંગોડા ખૂબ જ ગુણકારી છે. તે ભરપૂર માત્રામાં ન્યુટ્રીશન પુરા પાડે છે તેના સેવનથી વાળની સમસ્યાઓ દૂર થાય છે. બ્લડ પ્રેશર કંટ્રોલ કરવામાં તે ખૂબ મદદ કરે છે. વીટામીન્સ અને મિનરલ્સથી ભરપુર આ શિંગોડાઓ જરૂરથી ખાવા જોઈએ.

# મનપાની હદ વધારાના નિર્ણય પછીના પ્રથમ બજેટની તૈયારીઓ શરૂ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તેના વર્ષ ૨૦૨૧-૨૨ના નાણાંકીય વર્ષ માટેનું અંદાજપત્ર તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે.

શહેરની હદ વધારવાના નિર્ણય પછી આ પ્રથમ બજેટ બેઠક હોઈ રાજકીય વર્તુળોની નજર તેના પર મંડાયેલી છે. બજેટનું કદ વધવાની સાથે તેની આવકમાં પણ વધારો થશે સાથે સાથે મહેકમ ખર્ચના ભારણમાં પણ વધારો થશે.

મળતી વિગતો પ્રમાણે શહેરના હદ વધારવાના નિર્ણય પછી ગ્રામ્ય વિસ્તારો જે સમાવવામાં આવ્યા છે તેમાં જે મિલ્કત વેરો છેલ્લી આકારણીમાં

## ખાધવાળુ બજેટ હશે

નિયત થયેલો છે તેજ વસુલવાનો નિર્ણય લેવાઈ ચુકયો છે એટલે ૧૮ ગામ અને ૧ નગરપાલિકામાં કેટલી આવક થશે તેનો લઈ ગણતરીઓ હાલ ચાલી રહી છે.

મહેકમ ખર્ચ વધશે આ ઉપરાંત મનપાને હાલ એક માત્ર સફાઈની સેવા સોંપવામાં આવી છે એટલે નવા નાણાંકીય વર્ષમાં નવી વધુ સેવાઓ ફાળવવામાં આવશે તો આ ખર્ચમાં પણ વધારો થવાની સંભાવનાઓ વધી જાય છે.

નવું બજેટ સમતોલ વિકાસને દર્શાવશે કે પછી ખાધવાળુ હશે તેને લઈ રાજકીય વર્તુળોમાં અટકળો શરૂ થઈ ગઈ છે. આરોગ્ય-શિક્ષણ જેવી સેવાઓ સોંપવાને લઈ સરકારમાં

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ફરી ઠંડીની જમાવટ : પારો ૧૨ ડિગ્રી

**૨૪ કલાકમાં પારો ૪ ડિગ્રી ગગડતા ઠંડીનું મોજુ છવાયું : ઠંડા પવનથી શહેર ઠુંઠવાયું**

ગાંધીનગર, તા.૨૭

અડતાલિસ કલાકમાં જ સાડા સાત ડિગ્રી જેટલું ઉંચકાયેલું તાપમાન ફરી ગગડયું છે. લઘુત્તમ તાપમાન ૨૪ કલાકમાં ચાર ડિગ્રી જેટલું ગગડીને ૧૨ ડિગ્રી નોંધાતા વસાહતીઓ પુનઃ આકરી ઠંડી અનુભવી રહ્યા છે.

પવનોની દિશા પુનઃ બદલાઈ છે. ઉત્તર પૂર્વ દિશાના પવનો ફુંકાતા ગાંધીનગરમાં ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થયો છે. શનિવારે ઠંડીમાં સારી એવી રાહત મળી હતી. ઠંડીમાં ઘટાડો થયો હતો. બે જ દિવસમાં લઘુત્તમ તાપમાન સાડા સાત ડિગ્રી જેટલું ઉંચકાતા દિવસે તો જાણે ગરમીનો અનુભવ થતો હતો. રાત્રે અને વહેલી સવારે પણ ઘણી રાહત રહી હતી. પરંતુ ઠંડીમાં મળેલી આ રાહત એક જ દિવસ રહી હતી. પુનઃ ઠંડીનો પારો ઉંચકાયો હતો. લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં ચાર ડિગ્રી જેટલું ગગડયું હતું. જેના પરિણામે વસાહતીઓ પુનઃ ઠંડીમાં ઠુંઠવાયા છે. હવામાન વિભાગે ૨૬મી તારીખ પછી ઠંડી વધશે તેવી આગાહી કરી હતી.

આગાહી મુજબ જ ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. રવિવારની રજા હોવા છતાં વસાહતીઓ ઠંડીના કારણે ઘરમાં જ રહ્યા હતા. સાંજ પછી સેકટરોમાં અવરજવર ઓછી જોવા મળી હતી. રાત્રીના સમયે તો સેકટરોના આંતરિક માર્ગો સુમસામ થઈ ગયા હતા. યુવાનોના જે થોડા ઘણાં ટોળા જોવા મળતા હતા તેઓ પણ તાપણું કરી ઠંડી દૂર ભગાવતા જોવા મળ્યા હતા.



ખુલ્લા આભ નીચે ધાબળાનું ઓઢણ - શહેરના જાહેર માર્ગો પર કે ફુટાપથ પર ખુલ્લા આકાશમાં સુતા શ્રમજીવીઓને કડકડતી ઠંડીમાં ધાબળા ઓઢડવાની પાવન પ્રવૃત્તિ સેક્ટર-૨૩ના સદ્દભાવ ટ્રસ્ટ દ્વારા થઈ રહી છે... વહેલી પરોઢે ૩ વાગ્યે ટ્રસ્ટના અગ્રણીઓ કડકડતી ઠંડીમાં ઠુંઠવાતા શ્રમજીવીઓને ધાબળા ઓઢાડી સેવાનો પ્રેરક સંદેશ આપ્યો હતો... આ પ્રેરક પ્રવૃત્તિમાં સાંકાભાઈ પટેલ, નટુભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, જય પટેલ જોડાયા હતા... જ્યારે પ્રકાશ આર. પટેલે આર્થિક સહયોગ આપ્યો હતો.

# મનપાની ટીમે રજાના દિવસે રૂ. ૫૭૦૦નો દંડ વસુલ્યો

ગાંધીનગર, તા.૨૭

આજે સરિતા ઉદ્યાન અને ઈન્દ્રોડા પાર્ક ફરવા આવેલા લોકોમાં નવ જણા સામે માસ્ક ન પહેરવા માટે, જાહેરમાં થુંકવા માટે અને ગંદકી કરતા ઈસમો પાસેથ મનપાની ટીમે રૂ. ૫૭૦૦નો દંડ વસુલ્યો છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે એલ.આઈ. તેજલભાઈ ઠાકર, એલ.એલ.આઈ. મયંકભાઈ પરમાર તથા ઝોનલ ઓફિસર એલ. સોમચંદ્રનની સંયુકત ટીમ ઈન્દ્રોડા પાર્ક અને સરિતા ઉદ્યાન ખાતે ફરજ પર હતી.

આ ટીમે આજે માસ્ક પહેર્યા વિના નીકળેલા ૩ ઈસમો પાસેથી રૂ. ૩ હજાર, જાહેરમાં થુંકતા ૫ ઈસમો પાસેથી રૂ. ૨૫૦૦ તેમજ ગંદકી કરતા ૧ ઈસમ પાસેથી રૂ. ૨૦૦નો દંડ વસુલ્યો હતો.

ગાંધીનગરનો ત્રિદિવસીય વેકેશનના માહોલમાં લોકો ફરવાના સ્થળ તરીકે પસંદ કરતા હોય છે ત્યારે તંત્ર એ આ વાતને ધ્યાને રાખી માસ્ક ન પહેરનાર તેમજ ગંદકી કરતા અને જાહેરમાં થુંકતા ઈસમો સામે દંડનીય કાર્યવાહી કરતાં પ્રવાસીઓમાં સન્નાટો વ્યાપી ગયો હતો.





# જિલ્લામાં ૨૫ નવા કેસ : ૪૦ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કહેરનો ઘટાડો યથાવત રહ્યો છે જો કે ગાંધીનગર તાલુકામાં આજે એક જ દિવસમાં વધુ ૧૨ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર ચોંકી ઉઠયું છે.

જિલ્લામાં છેલ્લા સપ્તાહથી ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો છે તે યથાવત રહેવા પામ્યો છે. જિલ્લામાં આજે વધુ ૨૫ કેસ નોંધાયા છે જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ અને ગાંધીનગર શહેરમાં વધુ ૧૨ કેસ મળી આવ્યા છે.

જિલ્લામાં કોરોનાના કેસો ઘટવાની સાથે રિકવરી રેટમાં પણ વૃધ્ધિ થવા પામી છે. આજે જિલ્લામાં સંક્રમિત થયેલા દર્દીઓ કરતાં રિકવર થયેલા દર્દીઓની સંખ્યા વધુ છે. આજે ૪૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૨૩ દર્દી અને શહેરમાં ૧૭ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગ્રામ્યમાં આજે વધુ સાત મહિલાઓ તેમજ ૮ યુવા વયના દર્દીઓ મળી આવ્યા છે. કોરોનાના સંક્રમણ ઘટવાને પગલે હોસ્પિટલાઈઝેશનના દરમાં પણ ઘટાડો આવ્યો છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં માત્ર ૧ જ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના બેખોફ વકરી રહ્યો છે. ગઈકાલે બે કેસ નોંધાયા હતા જયારે આજે તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી એકી સાથે ૧૨ કેસ સામે આવ્યા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કેસો ઘટવાનું નામ નહિ લેતા હોવાથી લોકો પણ ભયના ઓથાર તળે દિવસો પસાર કરી રહ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે સરગાસણ ગામેથી ૪ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત વાવોલ ગામેથી ૩ કેસ મળી આવ્યા છે.

ડ્રીમ સીટી તરીકે ઓળખાતા ગિફટ સીટીમાંથી આજે બે કેસ, રાયસણ ગામેથી પણ બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત રાંધેજા ગામેથી એક કેસ મળેલ છે.

**ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ કેસ, માણસામાં ૧ કેસ, સે-૨૨માં ૩ કેસ, સે-૨૮માં બે કેસ સહિત વધુ ૧૨ કેસ નોંધાયા**

**તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કેસો ઘટવાનું નામ નહિ લેતા હોવાથી લોકો પણ ભયના ઓથાર તળે દિવસો પસાર કરી રહ્યા છે**

માણસા તાલુકાના આંટા આંબા ગામેથી ૬૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ ૯૦ ટકાએ પહોંચવા આવ્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આજે વધુ ૨૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૬૨૯ દર્દીઓ કોરોનામુકત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૨૬ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૯૦થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦૦૯૩ લોકોને કવોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૧૨ કેસ કોરોનાના મળી આવ્યા છે. સતત બીજે દિવસે પણ ૧૨ કેસ મળી આવતાં આજે તંત્રએ રાહતની લાગણી અનુભવી હતી.

શહેરના ૯ સેકટરોમાંથી આજે કેસો મળી આવ્યા છે. શહેરમાં આજે એક સાથે નવ મહિલાઓ સંક્રમિત થયેલી જણાઈ હતી. મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં નોંધાયેલા કેસો પૈકી આજે એક જ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે સંક્રમિત થનારાઓમાં કપડવંજ ખાતે શિક્ષિકા તરીકે ફરજ બજાવતી મહિલા, તલોદ પ્રા. શાળામાં શિક્ષિકા તરીકે ફરજો બજાવતી મહિલા, નાયબ સેકશન અધિકારી, મિકેનીક, કોમ્પ્યુટર હાર્ડવેરના રિપેરીંગના વેપારીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે-૨૨માંથી ૩ કેસ, સે-૨૮માંથી ૨ કેસ ઉપરાંત સે-૫, ૭, ૨૦, ૨૪, ૨૭, ૨૯, ૩૦માંથી કેસ મળી આવ્યા છે.

શહેરમાં આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૨૦૦થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

# આજે અને આવતીકાલે તીવ્ર ઠંડીની આગાહી

**ગાંધીનગર, અમદાવાદ, નલિયા, રાજકોટ સહિતના શહેરોમાં લઘુતમ તાપમાન ઘટશે અને ઠંડીનું પ્રમાણ વધશે**

અમદાવાદ,તા.૨૭

ઉતરભારતમાં ઠંડી વધતા રાજ્યના વાતાવરણ અને તાપમાન પર અસર જોવા મળશે. તારીખ ૨૮ અને ૨૯ ડિસેમ્બરના રોજ ઠંડીનું જોર વધવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. તેમજ રાજકોટ, નલિયામાં પણ કોલ્ડ વેવ રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. રાજ્યમાં આજથી, રવિવારથી લઘુતમ તાપમાન ઘટી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩થી ૪ ડીગ્રી તાપમાન ઘટ્યું છે. જેના કારણે વહેલી સવારે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે આગામી બે દિવસ ઠંડીનું જોર વધુ રેહશે. ૨૭થી ૩૦ ડિસેમ્બરના રોજ રેકોર્ડ બ્રેક ઠંડી પડશે. ૩૦ ડિસેમ્બરના રોજ પવનની ગતિ તેજ રહેશે. અમદાવાદ, ગાંધીનગર, નલિયા,રાજકોટ સહિતના શહેરોમાં લઘુતમ તાપમાન ઘટશે અને ઠંડીનું પ્રમાણ વધશે. ગીરનારની તળેટીમાં પણ ઠંડી વધુ અનુભવાશે. તો ઠંડીના કારણે ઘઉંના પાકને ફાયદો થશે. ૧૫મી મેરેજ એનિવર્સરી માટે આમિર ખાન અને કિરણ પરિવાર સાથે સાસણમાં, આજે સવારે કર્યું સિંહ દર્શનઆજે શહેરમાં તાપમાન ૩ ડીગ્રી નીચું નોંધાયું. અમદાવાદ શહેરનું તાપમાન ગઈકાલની સરખામણી ૩ ડીગ્રી નીચું નોંધાયું છે. આજે લઘુતમ તાપમાન ૧૩.૪ ડીગ્રી નોંધાયું છે. તો નલિયાનું લઘુતમ તાપમાન ૮ ડિગ્રીએ રહ્યું છે. ડીસા ૧૨ .૨ ડીગ્રી, તેમજ રાજકોટ નું તાપમાન ૧૪.૧ ડીગ્રી નોંધાયું છે. પરંતુ આજે રવિવારની રજા અને ઠંડીની મજા માણવા માટે અમદાવાદના રિવરફ્રન્ટ પર લોકો ઉમટી પડ્યા હતા અને સાયકલિંગ અને વોક કરી સ્વાસ્થ્યને સારું રાખવા પ્રયાસ કરી રહ્યા હતા.


## ટેલીફોનિક બેસણું



ગં.સ્વ. ધનલક્ષ્મીબેન દશરથલાલ સોની

અમારા પૂજ્ય માતૃશ્રી ગં.સ્વ. ધનલક્ષ્મીબેન દશરથલાલ સોની તા. ૨૦/૧૨/૨૦૨૦ને રવિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્દગતનું બેસણું તથા લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. ટેલીફોનિક બેસણું તા. ૨૮/૧૨/૨૦૨૦ને સોમવાર, માગસર સુદ ચૌદસના રોજ સવારે ૧૨થી સાંજે ૪ દરમિયાન રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૫૮૪/૨, સેક્ટર-૨/સી, ગાંધીનગર

દિપકભાઈ દશરથલાલ સોની
૯૪૨૮૦૪૬૫૧૮, ૯૫૭૪૬૯૬૭૧૭
ભરતભાઈ દશરથલાલ સોની
૯૮૨૪૯૪૭૫૭૧
ઓમ દિપકભાઈ સોની
કનુભાઈ પોપટલાલ સોની
દેવેન્દ્રકુમાર પોપટલાલ સોની
યુગ ભરતભાઈ સોની

સોની જયચંદદાસ પરિવાર



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com